॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# *સુરેશ જોષી કૃત 'જન્મોત્સવ' અને 'નળદમયંતી' વાર્તામાં પુરાકલ્પનનો વિનિયોગ*

*પ્રસ્તુતકર્તા:*

**પટેલ કવિષા કરશનભાઈ**
(M.A, B.Ed, M.Phil & Ph.D Pursuing)
Research Scholar,Veer Narmad South Gujarat University.
Email Id :kavishapatel27@gmail.com

**સારાંશ :**

આધુનિક ટૂંકી વાર્તાની યોગ્ય રૂપરેખા ઘડી આપવાનું કામ સુરેશ જોષી દ્વારા થયું છે.તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'ગૃહપ્રવેશ' ૧૯૫૭માં પ્રગટ થયો,તેની સાથે ટૂંકી વાર્તા વિશેની નવી કલ્પના સમજાવતો લેખ 'કિંચિત' તેની પ્રસ્તાવનારૂપે પ્રસિદ્ધ થયેલો.તેમાં તેમણે ઘટનાનું વ્યંજના કે પ્રતીકરૂપે ભાષાના માધ્યમ દ્વારા વાસ્તવિકતાનું કળામાં રૂપાંતર ટૂંકી વાર્તાની આગવી 'રસકીય કોટિ' અને તેનું 'લીલારૂપે' પ્રવર્તન વગેરે મુદ્દાઓ આગળ કરીને રૂપનિર્મિત પર ભાર મુક્યો હતો અને એ સ્વરૂપની અનેકવિધ ક્ષમતાઓ તરફ ઈશારો કર્યો હતો .આ વિભાવનાઓ સફળ કરે તેવી ટૂંકી વાર્તાઓ સૌપ્રથમ તેમની પાસેથી મળે છે. 'ગૃહપ્રવેશ'માં ગુજરાતી ટૂંકી વાર્તાનું વળાંકબિંદુ જોવા મળે છે. 'કપોલ કલ્પિત' 'રાક્ષસ' અને ' પદ્મા તને .... ' જેવી આ સંગ્રહની વાર્તાની તેમણે અજમાવેલી નવી ટેકનિકનો સફળ પ્રયોગ જોવા મળે છે.

**ચાવીરૂપ શબ્દો** : પુરાકલ્પન**,** સન્નિધિકરણ **,** વિનિયોગ, વિરોધાભાસ અને વાર્તા

---

**પ્રસ્તાવના :**

સુરેશ જોશીની આરંભના બંને વાર્તાસંગ્રહોમાં પુરાકલ્પનની કલ્પના ધરાવતી થોડી રચનાઓ મળી રહે છે. 'ગૃહપ્રવેશ' વાર્તાસંગ્રહમાં 'જન્મોત્સવ' , 'નળદમયંતી', 'સેતુબંધ' તથા 'કાલીયમર્દન' જેવી વાર્તાઓમાં પુરાકલ્પનનો વિનિયોગ અમુક સ્તરનો જ જોવા મળ્યો છે. તો 'બીજી થોડીક ' વાર્તાસંગ્રહની અવતાર કથાઓની ત્રણે કૃતિઓ - 'કૂર્માવતાર', 'વરાહાવતાર', તથા 'વામનાવતાર'માં ભગવાન અવતારોની કથાના સંદર્ભે પુરકલ્પનો વધુ સચોટ રીતે યોજાયાં

છે. પુરાકથાના આ સંદર્ભો,ખરેખર તો, એમાં વિશેષપણે પ્રચ્છન્ન બની રહ્યા છે. વાર્તાની ભાવપરિસ્થિતિ તેમજ પાત્રોની મનની સ્થિતિ સાથે જે તે પુરાણકથાના સંકેતો અનુસંધાન સાધી રહેતા અનુભવાય છે.

## *જન્મોત્સવ' અને 'નળદમયંતી' વાર્તામાં પુરાકલ્પનનો વિનિયોગ*

**જન્મોત્સવ :**

સુરેશ જોષીના 'ગૃહપ્રવેશ' વાર્તાસંગ્રહની પહેલી જ વાર્તા 'જન્મોત્સવ' સન્નિધિકરણની ટેકનીકનું ઉત્તમ ઉદાહરણ છે. 'જન્મોત્સવ' વાર્તા દેખીતી રીતે જ સૂચક બનેલી આવી કથાનકના સન્નિધાનવાળી વાર્તા છે.વિષય લેખે વર્ગવિષમતા,ભૂખમરો અને ગરીબાઈની સાથે ધનિકતાને મૂકી અહીં 'જન્મોત્સવ' નિર્મિતે વિરોધાભાસ દર્શાવાયો છે. આ થઇ વાર્તામાં વિષયની વાત પણ વાર્તાની સિદ્ધિ વાર્તાકથનમાં સમાંતર મૂકી અપાયેલ પરિસ્થિતિમાં છે.

એક તરફ લાલ કિનખાબના પરદા પાછળ કૃષ્ણજન્મની તૈયારી થઇ ચૂકી છે,ત્યારે બીજી તરફ સ્ટેશનના એક ઝૂંપડામાં નિસ્તબ્ધ્તાની વચ્ચે કોઈકના કણસવાનો અવાજ સંભળાતો હતો. બન્ને 'જન્મોત્સવ' બનવા તરફ જઈ શકે છે કે કેમ ? ની સંભવ અસંભવ વિરોધાતી પરિસ્થિતિ અહીં વ્યંજનાપૂર્ણ વિરોધાભાસ બને છે. સ્ટેશનની ઘડિયાળ કાંટા અને મંદિરની ઘડિયાળના કાંટા એક સાથે આગળ વધે છે. બરાબર બાર વાગ્યે મંદિરમાં તેજપૂંજ કૃષ્ણનો જન્મ થાય છે. ઝૂંપડાની દૂનિયામાં પણ સળવળાટ સાથે બાળકનો જન્મ થાય છે.

કૃષ્ણજન્મ પછી વાસુદેવનું ગોકુળ જવું ,યમુનાનું પુર વગેરે વિગતોની સાથે દેવજી અને કાનજી માણકીના છોરાને ભીખ માગી શકે માટે અપંગ બનાવવા માટે લઇ જાય છે તે ઘટનાને એક સાથે મૂકી વાર્તાકાર બે અલગ ઘટનાઓ વચ્ચે અદ્દભૂત સંયોજન સાધે છે. વેલજી ડોસાના શબ્દો યથાર્થ રીતે જન્મની સમાનતાને મૂકી આપે છે.

એક તરફ મંદિરમાં અસિતના કસબ અને ભક્તિએ સર્જેલું વાતાવરણ અને મંદિરનું સ્થળ,તો બીજી તરફ સ્ટેશનની નિસ્તબ્ધ કંગાળ સૃષ્ટિ ,આમ બે અલગ પરિવેશનું સંયોજન પરિસ્થિતિમાં રહેલી તીવ્ર વિષમતા પ્રગટ કરી આપે છે.સામાજિક વિષમતાનો વ્યંગ અહીં ધારદાર બને છે તે કરતા પણ અહીં બે સમાન પરિસ્થિતિના વિરોધે જે નિપજી આવે છે તે કરુણા વાર્તાકાર ને વધુ અપેક્ષિત છે.

વાર્તાકારની આ સન્નિધિ સિદ્ધિ ઉપરાંત તેમની વાર્તાઓમાં પુરાણ કલ્પનના નિરૂપણ વિષે પણ નોંધ લેવા જેવી છે. આધુનિક સર્જકો પુરાણ કલ્પનનો વિનિયોગ આધુનિક્તા લેખે પોતાના

સાહિત્યમાં કરે છે.પુરાણ કલ્પનનો વિનિયોગ વાર્તાકારની સિદ્ધિ માગી લેતો હોય છે. પુરાણ કલ્પનની સામગ્રી તથા વાર્તાની સામગ્રીનું રસાયન આધુનિક્તાના સંદર્ભે ઉત્તમ પરિણામ આપી રહે છે.

કૃષ્ણ મહાભારતનું પાત્ર છે.તેનો જન્મોત્સવ અસિત અને મિત્રમંડળી ઉજવે છે.એ ઉજવણી પાછળ કૃષ્ણ પ્રત્યેની ભક્તિ કે શ્રધ્ધા કરતાં દેખાડો વધારે છે. અસિતને તો પોતાનો કસબ બતાવી વાહ વાહ મેળવવી છે અને એ માટે તો આખા ઉત્સવનું આયોજન થયું છે.સર્જક આ 'મીથ'ને અહીં કુશળતાથી કામે લગાડે છે.તો માણકીની વેદનાને ધારદાર બનાવી કરુણને વધારે ઘેરો બનાવવામાં પણ એ એટલું જ મહત્વનું બની રહે છે.આખરે સિદ્ધ તો એમાંથી એ થાય છે કે હજારો વર્ષ પૂર્વે થઇ ગયેલા એક કાલ્પનિક કૃષ્ણને યાદ કરી આજે પણ એનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવીએ છીએ અને આજના જીવતા જાગતા જન્મતાં સાચા કે વાસ્તવિક 'કૃષ્ણ' જેને આપણે પેટની ભૂખથી બચવા જાણીબૂઝીને પંગુતા તરફ ધકેલી દઈએ છીએ : કેવી વિચિત્ર વાસ્તવિકતા કેવું નગ્ન સત્ય! આમ આ રીતે કૃષ્ણજન્મનું પુરાકલ્પન આપણી આજની કરુણ વાસ્તવિકતાની વિડંબનાને વાચા આપવા સફળ પ્રેરણાનું કાર્ય છે,સમગ્ર દ્રષ્ટિએ જોતાં સર્જકે અહીં પ્રયોજેલ પુરાકલ્પન વાર્તામાં સફળ રીતે આલેખાયેલ જોવા મળે છે. વાર્તાને અંતે ધારી ચોટ કે ધાર્યું પરિણામ પણ આણી શક્યા એ વાર્તાકારનું વિશેષ જમાપાસું છે.

**'નળદમયંતી' :**

'જન્મોત્સવ' ની જેમ જ પુરાકલ્પનનો આધાર લઇ ચાલતી વાર્તા **'નળદમયંતી'** છે.અહીં વાર્તાકારે નાયિકાનાં જીવનમાં બનતી ઘટનાની સાથે 'નળદમયંતી' ચિત્રપટ મૂકી બંને ઘટનાઓનું સન્નિધિકરણ રચી આપ્યું છે. ચિત્રા નરેશની પત્ની છે.નરેશ મધ્યમ વર્ગનો શિક્ષિત બેકાર છે. ચિત્રા પતિને મદદરૂપ થવા માટે એક સ્ત્રીથી થઇ શકે તેવી 'કશુંક' કરવાનો અહીં પ્રયાસ કરે છે. બીજી સ્ત્રી અરુણા ચિત્રાને દિશાસૂચન કરી બતાવે છે. ચિત્રા પરપુરુષ સાથે 'નળદમયંતી' ચિત્રપટ જોવા જાય છે.થિયેટરમાં બન્ને પાસપાસે બેસે છે.ચિત્રપટ શરૂ થાય છે,વાર્તામાં બે ઘટનાઓની ઉપસ્થિતિ હવે શરૂ થાય છે.

થિયેટરમાં પરપુરુષ સાથે બેસવાનું અને એમાંય એ ઈચ્છે તેટલી છૂટ લેવા દેવાની સ્થિતિ ચિત્રા માટે અસહ્ય છતાં આવશ્યક હતી .એ અજાણી વ્યક્તિએ ઈશારો કરી જ્યાં બેસવાનું કહ્યું ત્યાં તે બેસી જાય છે.ચિત્રા કશું બોલતી નથી, આથી તે 'નળદમયંતી' ચિત્રપટ જોવામાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. ચિત્રપટ શરૂ થતાં જ દમયંતી વનમાં ગીત ગાતી દ્રશ્યમાન થાય છે.બરાબર એ જ સમયે બાજુની સીટમાં કશોક સળવળાટ થાય છે.એ સળવળાટ ચિત્રાનાં હૃદયને હચમચાવી જાય

છે. હવેથી 'નળદમયંતી' ચિત્રપટની દમયંતી અને વાર્તાનાયિકા ચિત્રા સરખી પરિસ્થતિમાં સપડાઈ જાય છે.

પુરાણકાલીન પાત્ર દમયંતીને એક સતીના સ્વરૂપે જોવામાં આવે છે. ચિત્રા આધુનિક યુગની દમયંતી છે. તે કોઈ પણ ભોગે પોતાના પરિવારનું સુખ ઈચ્છે છે.માટે તે પોતાના ચરિત્રની દરકાર કર્યા વગર પણ પરપુરુષ સાથે થિયેટરમાં જવાનું પસંદ કરે છે.પુરાણકાલીન આદર્શોથી વિરુદ્ધ આધુનિક નારીની વાસ્તવિકતાનો સંઘર્ષ આ વાર્તામાં નિરૂપાયો છે.

ચિત્રા પણ અત્યારે એકલી અને અસહાય છે.અજાણી વ્યક્તિનો પ્રભાવ ધીમે ધીમે તેનાં પર પડવો શરૂ થાય છે.બાજુની બેઠકમાંનો હાથ આવીને એના સાથળ પર સ્થિર થાય છે.ચિત્રાને ખ્યાલ આવી આવી જાય છે કે આ હાથ વધુ વખત ત્યાં સ્થિર રહેવાનો નથી, હવે આ હાથ ક્યાં જશે અને પોતાનું શરીર એની સાથે શી રીતે વર્તશે તે જોવાં એ તત્પર બને છે. પ્રથમ વખતનાં સ્પર્શના સંવેદન અને અન્ય સ્પર્શનાં પરિણામે જાગેલાં સંવેદનમાં તફાવત જોઈએ થોડી મૂંઝાય છે.ત્યાં એકાએક પાછો પેલો હાથ એની અનિશ્ચિતતા છોડી દઈને સાથળનાં માંસલ ભાગને એની પકડમાં લેવાનો પ્રયત્ન કરવા લાગે છે.ચિત્રપટની જેમજ દમયંતીની પેઠે ચિત્રા પણ ધીમે ધીમે અસહાય બનતી ચાલે છે. ચિત્રપટ પૂરું થતાં ચિત્રા પણ પરપુરુષની પકડમાંથી મુક્ત બને છે.અને ઘેર પાછી ફરી પોતાનાં કામમાં પરોવાઈ જાય છે.કથાનકના સમાંતર નિર્વહણની પ્રણાલી ને લીધે 'નળદમયંતી' વાર્તા સફળ રહી છે.

**ઉપસંહાર :**

'નળદમયંતી' વાર્તામાં પુરાણ કલ્પનનો આવો સાંપ્રતને વાચા આપતો વિનિયોગ જોવા મળે છે. 'નળદમયંતી' ચિત્રપટમાં રજૂ થતી 'નળદમયંતી' કથાની સાથે વાર્તા નાયિકા ચિત્રાની મન: સ્થિત આલેખાતી જાય છે.ખાસ કરીને તો દમયંતીના ચરિત્રની વલવલતી વેદના સાથે ચિત્રાનું ચિંતન જોઈ શકાય છે. 'જન્મોત્સવ' વાર્તામાં જે બે વિભિન્ન પરિસ્થિતિની સહગતિ જોવા મળે છે તે રીતે અહીં વાર્તામાં પરપુરુષના હાથની ગતિ ચિત્રાના મનની ગતિ સાથે એકતા સાધે છે.

**સંદર્ભગ્રંથ :-**


૧. 'ગૃહપ્રવેશ', લેખક-સુરેશ હ. જોષી ,પ્રકાશન - પાર્શ્વ પબ્લિકેશન ,અમદાવાદ.

૨. 'સુરેશ જોષીથી સુરેશ જોષી',લેખક- સુમન શાહ , પ્રકાશન - પાર્શ્વ પબ્લિકેશન ,અમદાવાદ.

૩. 'સુરેશ જોષીની વર્તાસુર્ષ્ટિ', લેખક- જગદીશ ગૂર્જર,પ્રકાશન- આદર્શ પ્રકાશન,અમદાવાદ .

૪. 'મધ્યકાલીન- અર્વાચીન સાહિત્યસ્વરૂપો',લેખક - ડૉ.ભરતકુમાર ઠાકર,પ્રકાશન-શબ્દલોક પ્રકાશન ,અમદાવાદ.